# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-01-2025** **Day : Tuesday** **Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## ડોનાલ્ડ ટ્રમ્પ શપથ ગ્રહણ

**ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકેનું પદ સંભાળી લીધુ છે. તેમણે બીજા કાર્યકાળ માટે પદ અને ગુપ્તતાના શપથ લીધા. વોશિંગ્ટન ડીસીના કેપિટોલ રોટુન્ડા ખાતે ગઈકાલે રાત્રે યુએસ ચીફ જસ્ટિસ જોન રોબર્ટ્સ દ્વારા તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. જસ્ટિસ બ્રેટ કેવનોઘે જે.ડી. વાન્સને ઉપરાષ્ટ્રપતિ પદ માટે શપથ લેવડાવ્યા. 40 વર્ષીય વેન્સ અમેરિકાના 50મા ઉપરાષ્ટ્રપતિ છે અને દેશના ઇતિહાસમાં ત્રીજા સૌથી નાના ઉપરાષ્ટ્રપતિ છે.**

**પોતાના ઉદઘાટન ભાષણમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઇંધણના ભાવ ઘટાડવા માટે રાષ્ટ્રીય ઊર્જા કટોકટીની ઘોષણા કરી, આમ તેમણે એક મુખ્ય ચૂંટણી વચન પૂર્ણ કર્યું. તેમણે કહ્યું કે, વધુ ખર્ચ અને વધતા ઇંધણના ભાવને કારણે ફુગાવાની સમસ્યા ઊભી થઈ છે. તેમણે કહ્યું કે દેશમાં એક નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે અને અમેરિકા ફર્સ્ટના વિચારને સર્વોચ્ચ જાહેર કર્યો અને તેમના નેતૃત્વ હેઠળ અમેરિકામાં સુવર્ણ યુગની તાત્કાલિક શરૂઆત જાહેર કરી.**

**ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. 78 વર્ષીય ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બનનારા સૌથી વૃદ્ધ વ્યક્તિ છે.**

---

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી જનસુખાકારી અને નાગરિકોનું ઇઝ ઓફ લિવિંગ વધે તે માટે રાજ્યની વિવિધ નગરપાલિકાઓ - મહાનગરપાલિકાઓમાં શહેરી વિકાસના કામો માટે એક જ દિવસમાં રૂપિયા **605.48** કરોડ મંજૂર કર્યા છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

અંતર્ગત મંજૂર કરાયેલી આ રકમમાંથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, શહેરી સડક યોજના, પાણી પુરવઠા, આઉટ ગ્રોથ વિકાસ અને રેલવે ઓવરબ્રિજ સહિતના કામો હાથ ધરાશે.

માંડવી, મુન્દ્રા-બારોઇ નગરપાલિકા સહિત રાજ્યની **18** નગરપાલિકા, બે મહાનગરપાલિકા અને બે શહેરી વિકાસત્તામંડળને વિવિધ વિકાસ કામો માટે આ રકમ ફળાવવામાં આવી છે. રાજ્યની **25** નગરપાલિકાઓને નવીન બાગ બગીચા વિકસાવવા માટે **40** કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીએ આપી છે. **13** નગરપાલીકાઓમાં ગ્રંથાલય નિર્માણ માટે **39** કરોડ, **22** નગરપાલીકાઓમાં કાર્યરત ગ્રંથાલયના રિનોવેશન માટે **33** કરોડ મંજૂર કર્યા છે. જુદા જુદા વિકાસ કામો માટે મંજૂર કરાયેલી રકમ અંતર્ગત માંડવી નગરપાલિકાને **16.86** કરોડ અને મુન્દ્રા-બારોઇ નગરપાલિકાને **1.64** કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

------------------------------------------------------------------------------------

## પ્રજાસતાક પરેડ

આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને લશ્કરી શક્તિનું અદભુત પ્રદર્શન રજૂ થશે. પરેડ બંધારણના અમલીકરણના 75 વર્ષ અને જનભાગીદારી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ વખતે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો મુખ્ય મહેમાન બનશે.

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોની સાથે ઇન્ડોનેશિયાથી 160 સભ્યોની માર્ચિંગ ટુકડી અને 190 સભ્યોની બેન્ડ ટુકડી પરેડમાં ભાગ લેશે. તેમણે એમ પણ કહ્યું કે "ગોલ્ડન ઇન્ડિયા - હેરિટેજ અને ડેવલપમેન્ટ" થીમ પર આધારીત વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિવિધ વિભાગોના 31 ટેબ્લો કર્તવ્ય માર્ગ પર પ્રદર્શન કરશે.  પરેડમાં સમાવિષ્ટ બે ટેબ્લોમાં બંધારણના 75 વર્ષની ગાથા રજૂ કરવામાં આવશે. કાર્યક્રમના અંતે ખાસ સંદેશ લખેલા ફુગ્ગાઓ પણ છોડવામાં આવશે. આ પ્રસંગે, 34 શ્રેણીઓના લગભગ દસ હજાર ખાસ મહેમાનોને રાષ્ટ્ર અને સમાજના નિર્માણમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવશે.

---

## મા.નિ. અવસાન

રાજ્યના માહિતી ખાતાના રાજકોટના નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક દીપકભાઈ ભટ્ટનું ગઈકાલે રાજકોટ ખાતે અવસાન થયું. તેમની વય 76 વર્ષની હતી. તેઓ ભુજ ખાતે કચ્છના નાયબ માહિતી નિયામક પદે સેવા આપી હતી. તેમણે કચ્છ ઉપરાંત ઘણા જિલ્લાઓમાં ફરજ બજાવી હતી.

---

## ભારતીય ડાક ચોપાલ

ભારતીય ડાક વિભાગ દ્વારા 26મી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વ પ્રસંગે કચ્છની તમામ પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવાની સાથે ડાક ચૌપલાનું આયોજન કરાયું છે.

---